# ભિલોડા તાલુકાના મુનાઈ ગામના સીમમાંથી ૧૪ ફુટ લાંબો અજગર ઝડપાયો

ભિલોડા,તા.૧૫


અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં આવેલા મુનાઈ ગામના સીમવિસ્તારમાંથી ૧૪ ફુટ લાંબો અજગર ઝડપાયો છે. મુનાઈ ગામના આર.એફ.ઓ. ઓફીસનો સંપર્ક કરતાં ભિલોડા આર.એફ.ઓ. વી. આર. ચૌહાણની રાહબરી હેઠળ વન વિભાગના મુનાઈ બીટગાર્ડ અને સ્ટાફ પરીવારે ભારે જહેમત બાદ ૧૪ ફુટથી વધુ લાંબો અને ૧૮


(તસવીર : જીતુ ત્રિવેદી, ભિલોડા)

સરપંચ જશુભાઈ પટેલ, મયંકભાઈ ચૌધરી, રઘજીભાઈ પટેલના જણાવ્યા મુજબ મુનાઈ ગામના સીમ વિસ્તારમાં ખેતીલાયક જમીન ધરાવતા ખેડુત ચીરજીભાઈ ગમાનભાઈ પટેલના ખેતરમાં ગુમાનબેન પટેલ ઘાસ વાઢતા હતા ત્યારે એકા-એક અજગર જોવા મળતાં તેઓ ગભરાઈ ગયા હતા ત્યારે બુમા-બુમ કરી મુકતા ખેડુતો અને ખેતી કામકાજ કરતા ખેત મજુરો ગભરાઈ ગયા હતા. મુનાઈ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ પટેલ અને મયંકભાઈ ચૌધરીએ ભિલોડા કિલોથી વધુ વજન ધરાવતા મહાકાય અજગરને ઝડપી લીધો હતો. મહાકાય અજગરને કોથળામાં ભરી લઈ ગયા હતા. મહાકાય અજગરને નિર્જન જંગલમાં છોડી દેવાયો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મુનાઈ ગામના સીમ વિસ્તારમાંથી મહાકાય અજગર નીકળ્યો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં પ્રજાજનોના ટોળે-ટોળા અજગરને જોવા ઉમટ્યા હતા. મુનાઈ ગામના સીમવિસ્તારોમાં ખેતરોમાં ખેતીકામ કરતા ખેડુતો, શ્રમજીવીઓ, પશુ-પાલકો ભયભીત બન્યા છે.

# તાજપુર પાસેનો ડ્રાઈવર્જન ધોવાઈ જતાં મોડાસા અમદાવાદ હાઈવે બંધ







(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૧૫

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના તાજપુર પાસે આવેલ ડ્રાઈવર્જન ધોવાઈ જતાં રોજના હજારો મુસાફરો ને ૧૫ કિ.મિ ફરી ને જવુ પડે છે. સાથે બસ નિગમ ની પણ ૨૫ બસો ને પણ ચકકર પડતો હોઈ હજારો મુસાફરો તથ લોકલ પ્રજાની પુલ જલ્દી થી શરૂ કરવા માંગ ઉઠવા પામી છે.

ગત ચોમાસમાં તાજપરુ અને હરસોલ ની વચ્ચે આવતો પુલ વરસાદ ને કારણે તુટી ગયો હતો તેના માટે સરકાર ધ્વાર ૯૦ લાખ રૂપીયા જેટલો અધધધ ખર્ધ કરી ને કામચલાઉ રીતે ડ્રાઈવર્જન ચાલુ કરાયો હતો અને નવો પુલ બનાવા માંડયો હતો આ પુલ ને આજે ક્ષ વર્ષ જેટલો સમય વિતવા છતાં પણ આ પુલ હજુ સુધી તૈયાર થઈ શકયો નથી જેથી લોકો માં રોષ જોવા મળી રહયો છે. જેથી મોડાસા અને અમદાવાદ નો માર્ગ બંધ થઈ જતાં વારંવાર રજુઆત કરવા છતાં પણ આજ દિન સુધી પુલ નુ કામ કાજ પુરૂ થયુ નથી જેથી આ આ વીસ્તાર ની જનતા માંગ કરી રહી છે કે આ પુલ ઝડપી વાહન વ્યવહાર શરૂ કરવામાં આવે હરસોલ ના તાજપુર પુલ નુ લાખો રૂપીયા ના ખર્ચે ડ્રાઈવર્જન બનાવવામાં આવ્યુ હતુ આ ડ્રાઈવર્જન હાલ વરસાદ પડતા નદી માં પાણી આવતા ધોવાઈ ગયુ છે. જેથી આ માર્ગ છેલ્લા ૧૦ દીવસ થી બંધ છે. જેથી મોડાસા ની ૩૦ કરતાં પણ વધારે બસો ૧૫ કીલોમીટર જતા અને ૧૪ કીલોમીટર આવતા એમ ૩૦ કીલોમીટર વધારે ફરી ને જાય છે. જેથી બસ નીગમ લોકો ના પેસ્ અને સમય વધારે બરબાદ થાય છે. જેથી આ પુલ નુ કામ ઝડપી પુરૂ થાય તેવુ દરેક વિનંતી કરી રહયા છે.

જયારે આ પુલ ૧ વર્ષ અગાઉ બનાવવાનો શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ ગોકળ ગતી એ ચાલતા એક વર્ષ જેટલો સમય વિતવા છતાં પણ આ પુલ નુ કામ પુણ થવા પામ્યુ નથી.

# ઊંઝા પાસે કામલી-દાસજ વચ્ચેનો માર્ગ ઉંચો હોવાથી ખેતરોમાં પાણી-પાણી : ખેડૂતો પરેશાન

## માર્ગ પરથી ખેતરમાં જવા સુધીના રસ્તાઓ બંધ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નજીકના કામલી-દાસજ વચ્ચે સને ૨૦૦૯માં બનાવેલ રોડ ઉંચો બનાવાયેલ હોઈ ખેતરોના રસ્તા બંધ થઈ જતા ખેડૂતો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

તાજેતરમાં આ વિસ્તારમાં ભારે વરસાદને પગલે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. જેથી રોડથી ખેતરો તરફ જવાના રસ્તાઓ હાલ ધોવાઈ ગયા છે.

આ સંદર્ભે જિલ્લા તેમજ તાલુકા પંચાયતના બાંધકામ વિભાગના અધિકારીઓને લેખિત તેમજ મૌખિક રજૂઆત ખેડૂતોએ કરી હતી તેમ છતાં ખેડૂતોની વાતને ધ્યાને લીધા વગર મનસ્વીરીતે રોડ બનાવી દીધો હતો. પરિણામે માર્ગની એક તરફના ખેતરમાં ઢાળ હોવાને કારણે તમામ વરસાદી પાણી ખેતરમાં જ રહે છે અને આખો વિસ્તાર તળાવમાં ફેરવાઈ જાય છે. આથી ખેડૂતોને ખેતરે જવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખેડૂતોએ આ સમસ્યાને લઈ જિલ્લા પંચાયત બાંધકામ શાખાના ઈજનેરને રજૂઆત કરતા આજ દિન સુધી કોઈ કાર્યવાહી ન થતા ખેડૂતોએ જિલ્લા પંચાયત તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કરી સત્વરે માર્ગને યોગ્ય કરવા માંગ કરી છે.

# ઈડર તાલુકાના નાના કોટડા ગામના પરીવારને ૨.૫૦ લાખનો સહાયનો ચેક અર્પણ કરાયો

હિંમતનગર, તા. ૧૫

ઈડર તાલુકાના નાના કોટડા ગામે અતિ વરસાદના કારણે પૂરની પરત ફરી રહી હતી ત્યારે ગામમાંથી પસાર થતી ડેભોલ નદીમાં તણાઈ જવાથી મોતને ભેટી હતી. જે ગ્રામજનોને સાત્વંના પાઠવતા મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતુ કે, આવી દુખ દાયક ઘટના ફરી ન ઘટે



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સ્થિતિનું નિર્માણ થયુ હતું જેમાં ગામની ધોરણ-૭માં અભ્યાસ કરતી પિન્કી મકવાણાનું ડેભાલ નદીમાં તણાઈ જવાથી મૃત્યુ થયું હતું જે શોકાતુર પરીવારને રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરાએ પરીવારને મળી સાંત્વના પાઠવી હતી.

નેત્રામલી ગામે ધોરણ-૭માં અભ્યાસ કરતી અને નાના કોટડા ગામની પિન્કી મકવાણા ગત તા. ૪/૦૯/૨૦૧૪ના રોજ શાળાએથી ઘરે સરકારી તંત્રની ભારે જહેમત બાદ મૃતદેહને નદીમાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી

અકસ્માતે મુત્યુ પામનાર આ દિકરીને રાજય સરકાર તરફથી રૂ. ૨ લાખ તથા શાળા પરીવાર વતી રૂ. ૫૦,૦૦૦નો સહાયનો ચેક આજે રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાના હસ્તે શોકાતુર પરીજનોને અર્પણ કરવામાં આવ્યો હતો.

શોકાતુર પરીવારને અને તે માટે ગામને જોડતો પુલને સ્તવરે બનાવવામાં આવશે તેમજ આવા સમયે અગમચેતી રાખવા અનુરોધ કર્યો હતો.

આ ચેક સહાય અર્પણના -સંગે ઈડર તાલુકાના પંચાયના -મુખ પંકજભાઈ દેસાઈ, પૂર્વ -મુખ અશ્વિનભાઈ પટેલ, -ંત અધિકારી નિનામા, મામલતદાર ગૌતમ, તાલુકા વિકાસ અધિકારી સહિત અન્ય પદાધિકારી અને અધિકારીઓ પરીવારને સાંત્વાના પાઠવી હતી.

# ધનસુરામાં મોબાઈલની ઘંટડીએ ૧૦ વર્ષના બાળકનો જીવ બચાવ્યો

ધનસુરા, તા.૧૫

ધનસુરામાં મોબાઈલની ઘંટડીએ ૧૦ વર્ષના બાળકનો જીવ બચાવ્યો હતો.

રામ રાખે તેને કોણ ચાખે તેવી ઘટના આજે ધનસુરામાં ઘટી હતી. ધનસુરામાં રહેતા ડોકટર રમેશભાઈ સથવારા પોતાના ઘરમાં પરિવારજનો સાથે હતા ત્યારે તેમનો ૧૦ વર્ષનો દિકરો મૈતુલ સથવારા બાજુના રુમમાં અભ્યાસ કરી રહ્યો હતો દરમિયાન અચાનક જ બાજુના રુમમાં રમેશ સથવારાના મોબાઈલ ફોનની રીંગ વાગતા મૈતુલ ઉભો થઈ મોબાઈલ ફોન ઉપાડવા ગયો હતો અને બસ એ જ ઘડીએ એકાએક મૈતુલ બેઠો હતો તે જ જગ્યાએ ધડાકાભેર ધાબાનો સ્લેબ તુટી પડતા તેનો આબાદ બચાવ થયો હતો. મોટો ધડાકો થતા બાળકના માતા પિતા દોડી આવ્યા હતા અને આંખમાં આંસુ સાથે દિકરાને સલામત જોતા કુદરતનો આભાર વ્યકત કર્યો હતો.

# મોડાસાની ધી બ્રહ્મર્ષિ કો. ઓપ. ક્રેડીટ સોસાયટી લી.માં ચૂંટણીના પડધમ શરૂ

મોડાસા, તા. ૧૫

મોડાસા શહેરની જાણિતી અને


(તસવીર : જય અમીન, મોડાસા)

અગ્રણી નાણાકીય સંસ્થા ધી બ્રહ્મર્ષિ કો. ઓપ ક્રેડિટ સોસાયટી લિ.ની ચૂંટણી આવતાં મોડાસા શહેરમાં રસપ્રદ ચૂંટણીમાં દસ સભ્યોની પેનલ છે. દસ સભ્યોની ચૂંટણીમાં ૧૫ સભાસદોએ ચૂંટણી લડવાના મૂડ સાથે ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જ્યારે ૧૫ સભ્યોમાંથી સંજોગોવસાત ૪ સભ્યોએ ફોર્મ પરત ખેંચી લેતાં આ પ્રતિષ્ઠાભરી જંગમાં ૧૧ જણ ચૂંટણી મેદાનમાં રહ્યા હતા. જેમાં સમાજના વ્યક્તિઓ દ્વારા ૧૦ સભ્યોની પેનલ બનાવવામાં ાવી હતી. અને પૂર્વ ચેરમેન ચૂંટણી જંગમાં એકલા ઝંપલાવ્યું હતું. જેથી આ ચૂંટણી મોડાસા શહેરમાં ચર્ચાનો વિષય બની છે. અગાઉ પણ આ મંડળના વિવિધ મુદ્દાઓના કારણે મોડાસા શહેરમાં ચર્ચાનો વિષય બની છે. ત્યારે આ ચૂંટણી પૂર્વ ચેરમેન માટે પ્રતિષ્ઠાનો વિષય બની છે. સમાજ તરફી પેનલના પ્રભારી કેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે મંડળી અને સમાજના હિતમાં પેનલ બનાવવામાં આવી છે. આ મંડળ હાલ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રહી છે. મંડળમાં ૧૮૭૩ સભાસદો અને અંદાજે ૯ કરોડ જેટલા રૂપિયાના વહેવારો કરવામાં આવે છે. આ મંડળ મોડાસા શહેરના પ્રજાજનોને ખુબજ મદદરૂપ પુરવાર થઈ રહી છે.



ધાનેરાના મુખ્ય બજારમાં રાષ્ટ્રીયકૃત બેંકની સ્થાનિક શાખા અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી રંગબેરંગી ફુવારો શહેરની રોનક વધારવા બનાવ્યો હતો. પરંતુ આ ફુવારો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં પડયો છે ત્યારે સ્થાનિક તંત્ર આ ફુવારાને કયારે શરુ કરાવશે તેવું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. (તસવીર : ભરત પરમાર)

# ડીસામાં ૧૧,૪૦૦ના દારૂ સાથે બે ની ધરપકડ


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૫

ડીસા શહેરમાં દારૂની બદી એટલા પ્રમાણમાં વધી ગઈ છે કે મોટા ભાગની ગલી અને નુક્કડ પર આ દારૂઓના વેપારીઓની હાટડીઓ ધમધમી રહી છે. ત્યારે રવિવારે સાંજે બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી. પોલીસે શહેરના અલગ અલગ ઠેકાણે દરોડા પાડી શહેરમાંથી ૧૧ હજાર ૪૦૦ની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોની અટકાયત કરી છે. ડીસા શહેરમાં વિદેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની બાતમી એલ.સી.બી. પોલીસને મળતા એલ.સી.બી. પોલીસ દ્વારા અલગ અલગ સ્થળે સર્ચ ઓપરેશન ગોઠવવામાં આવ્યું હતું. આ સર્ચ ઓપરેશનમાં શહેરના ગાંધીચોક વિસ્તારમાં દારૂનો વેપાર કરતાં મહેશભાઈ મોદીના મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. તો દેવા મોદીના ત્યાંથી પણ પોલીસે દારૂ ઝડપી પાડતાં આ બન્ને શખ્સોની અટકાયત કરી તેમની સામે ધોરણસરની કાર્યવાહી કરી છે. જેની તપાસ ડીસા તાલુકા પોલીસમથકમાં ફરજ બજાવતાં પ્રકાશપુરી ગોસ્વામી ચલાવી રહ્યા છે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા ત્રણ હનુમાનથી પાલનપુર તરફ જઈ રહેલી અલ્ટોકારને થરાદ ડેપોની એસટી બસે સાઈડમાંથી ઘસી નાંખતા અફડાતફડીનો માહોલ મચી જવા પામ્યો હતો. ડીસા ત્રણ હનુમાન વિસ્તારમાં રહેતા મિતેશભાઈ પટેલ પોતાની અલ્ટોકાર જી.જે.૮ આર ૯૭૮૩ લઈને પાલનપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે હાઈવે પર આવેલ પેટ્રોલ પંપ પાસે એસટીબસના ડ્રાયવરે સાઈડ કાપવા જતા કારને સાઈડના ભાગે નુકશાન પહોંચાડયું હતું. આ બાબતે ડીસા શહેર દક્ષિણ પોલીસને જાણ થતાં પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી અને ટ્રાફિકને હળવો કર્યો હતો. જો કે બન્ને પાર્ટીઓએ સમાધાન કરતા મામલો ઉકેલાયો હતો.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને કવાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુઝિવ શો-રૂમ

AGL Radhe
TILES WORLD
ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેકટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેકટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૨૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૨૧૨૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૬૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦